## આપની આજ

નરેન્દ્ર શાહ

(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**




**શુભ માલાયોગ થાય છે. સૂર્ય - ગુરુ અને મંગળ - શુક્ર પરિવર્તન યોગથી ઉચ્ચના થાય છે. ગુરુ સૂર્યનો નવપંચમ યોગ પદપ્રાપ્તિનો સુંદર યોગ છે. શુક્ર - ચંદ્રની યુતિ લોકપ્રિયતાનો સુંદર યોગ ઉત્પન્ન કરે છે.**

**મેષ** સપ્તમ સ્થાને મંગળ રાશિનો માલીક હોઈ તંદુરસ્તી બક્ષે - ઉમંગ - ઉત્સાહ બક્ષે - કોઈપણ નવું કાર્ય શરૂ કરો તો સફળતા મળે. આનંદમય દિવસ જાય.

**વૃષભ** અગાઉ કરેલાં રોકાણો અટકી ન પડે અને ધંધામાં નુકસાન ન જાય તે માટે વાણી પર નિયંત્રણ રાખવું - વ્યસનોથી દૂર રહેવું.

**મિથુન** આગેવાનોનો સહકાર ને અણધારી મદદ મળી રહે - આર્થિક લાભો મળે પણ જોઈએ તેવો આનંદ ન મળે - પત્ની સાથે મતભેદ ઊભા થાય.

**કર્ક** વાણી ઉપર સંયમ રાખવો - અકસ્માતથી સાચવવું - નહીં ધારેલી મુશ્કેલીઓ મંગળ અને સૂર્ય ઊભી કરાવે - શાંતિથી દિવસ પસાર કરવો.

**સિંહ** આવતીકાલથી અંશાત્મક વૃદ્ધ ગુરુ આપની રાશિમાં વૃદ્ધ થાય છે - સાચવવું. સૂર્ય સાથે પરિવર્તનને કારણે ખરાબ અસરો ઓછી થશે - વિવાદમાં ન પડવું.

**કન્યા** કૌટુંબિક - સામાજિક જવાબદારીઓ આવી પડે - અણધાર્યો ખર્ચ આવે. પત્ની સાથે વાદવિવાદમાં ઉતરવું પડે - તંદુરસ્તી સાચવવી.

**તુલા** ક્રોધને કાબુમાં રાખવો - બીજે - શુક્ર - ચંદ્રની યુતિ આકસ્મિત ધનલાભ કરાવે. અગિયારમે ગુરુ વડીલોથી લાભ અપાવે. ત્રીજે સૂર્ય પદપ્રાપ્તિ કરાવે.

**વૃશ્ચિક** બીનજરૂરી ખર્ચાઓ પર કાપ મૂકવા - લગ્ને ચંદ્ર - શુક્ર - શનિ વ્યર્થ ખર્ચા કરાવે. શક્ય તેટલા બચતના પ્રયત્નો કરવા નહીં તો દેવામાં ડૂબી જવાય. સાચવવું.

**ધન** બારમે શનિ અણધાર્યા ખર્ચ કરાવે. તબિયતનું ધ્યાન રાખવું - રાહુ - મંગળ સારા છે તેથી દિવસ સમતોલ જાય. આવક - જાવકની કાળજી રાખવી.

**મકર** આકસ્મિક ધન લાભ થવાના યોગો છે. ઉત્સાહ - ઉમંગથી આખો દિવસ પસાર કરવો. વિષાદથી દૂર રહેવું - આઠમે ગુરુ ધર્મ ધ્યાન કરાવે.

**કુંભ** ધાર્મિક કાર્યોમાં રૂચિ વધે - હવે ધાર્મિક પ્રસંગોમાં અગ્રતા ક્રમે રહી ખર્ચ કરશો. ધારણા કરતાં વધુ ખર્ચ કરશો. પ્લાનીંગ કરવું હીતાવહ છે.

**મીન** શેર-સટ્ટામાં સાચવવું. લોભ - લાલચથી દૂર રહેવું. નહીં તો નુકસાન થવાનો સંભવ છે. આઠમે મંગળથી પડવા - વાગવા - દાઝવાથી સંભાળવું.

## લક્ષ્મીપુરાની હાઈસ્કૂલ દ્વારા એમએસએસ શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની શેઠ એમ.એલ. હાઈસ્કૂલના ઉપક્રમે પરોસડા ગામે એનએસએસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલ સમારોહમાં અધ્યક્ષસ્થાને સરપંચ નાનજીભાઈ ભગોરા ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં જીવન ઘડતરના કાર્યક્રમો, ગ્રામ સફાઈ, મહીલા સશક્તિકરણ, પાણી વ્યવસ્થાપન, નિરક્ષરતા નિવારણ તથા જુદી જુદી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેવા મંડળીના ચેરમેન તલાટી પોસ્ટ માસ્તર તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શિક્ષક મિત્રોએ બાળકોને સતત પ્રોત્સાહીત કર્યા હતા.

## ટ્રિનિટી સ્કૂલ તલોદમાં ઉજવાયેલ રમતોત્સવ

તલોદ, તા. ૬

ટ્રિનિટી સ્કૂલ તલોદમાં તા. ૨-૧-૨૦૧૬ને શનિવારના રોજ શાળામાં 'રમતોત્સવ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રમતોમાં ફુગ્ગા ફોડ, સોયદોરાની રમત, મેમરી ગેમ, ઉંધી એકડી, અનાજના દાણા જુદા પાડવા, ચહેરા પર બિંદી લગાવવી, ચોક ફેંકવા, લોટમાંથી ચોકલેટ કાઢવી, લાંબીકૂદ, કોથળાદોડ, ત્રીપગીદોડ, સ્લો સાયકલીંગ, ઉંધી ચાલ, ૧૦૦ મી. દોડ, ચેસનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સાથે સાથે એએસપીએસ ઈન્ડીયા અમદાવાદ દ્વારા સ્પેશ્યલ સ્પોર્ટસ ટ્રેનિંગ પ્રોગ્રામનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. રમતમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીના ચહેરા પર આનંદ અને ઉત્સાહ જોવા મળતો હતો.

કાર્યક્રમમાં ઘણા બધા વાલીઓએ પોતાના બાળકોને રમતમાં ભાગ લેતા નિહાળી ખુશી વ્યક્ત કરી હતી. શાળા સંચાલક મંડળ, આચાર્યશ્રીઓએ દરેક રમતના કન્વીનરો અને સહાયક શિક્ષક તેમજ રમતોત્સવમાં કામગીરી કરનાર દરેક કર્મચારીને અભિનંદન પાઠવ્યા હતા.



કાંકરિયા સ્પોર્ટ્સ સંકુલમાં ફિલ્મ અભિનેતા સુનિલ શેટ્ટી પહોંચ્યો હતો.

# ચાઈનીઝ તુક્કલનો મોટો જથ્થો કબજે : વધુ તપાસ

અમદાવાદ,તા. ૬

ચાઈનીઝ તુક્કલના ઉપયોગ પર ગુજરાત હાઈકોર્ટે મુકેલા પ્રતિબંધ અને પોલીસે જાહેરનામુ જારી કરીને તેના ઉપયોગ પર રોક મુક્યો હોવા છતાં ચાઈનીઝ તુક્કલનું વેચાણ થઈ રહ્યુંહોવાની ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે. બજારમાંથી ચાઈનીઝ તુક્કલનો જથ્થો સંપૂર્ણપણે દૂર થઈ શક્યો નથી. ગુપ્તરીતે પણ વેચાણ કરવામાં આવી રહ્યું છે. આના ભાગરુપે કાર્યવાહી કરીને આજે શહેરના કાલુપુર વિસ્તારમાંથી હજારો તુક્કલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ ૬૫૩૦ જેટલી તુક્કલો જપ્ત કરવામાં આવી છે. ચાઈનીઝ તુક્કલનો જથ્થો જપ્ત કરીને ક્રાઈમ બ્રાંચ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે. આ સંદર્ભમાં એકની અટકાયત પણ કરાઈ છે. પોલીસના જાહેરનામાના ભંગના સંદર્ભમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, ગયા વર્ષે અમદાવાદ એકલામાં તુક્કલના કારણે આગ ફાટી નિકળવાના ૨૧ બનાવો બન્યા હતા જેમાં અમદાવાદમાં ત્રણના મોત થયા હતા. આવી સ્થિતિમાં તુક્કલના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની રજૂઆત કરવામાં આવ્યા બાદ આની નોંધ લેવામાં આવી હતી અને ગુજરાત હાઈકોર્ટે ચાઈનીઝ તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનો આદેશ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ૨૨મી ડિસેમ્બરે ચાઈનીઝ તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો હતો. છેલ્લી ઉત્તરાયણ દરમિયાન ૧૦૦ કરોડથી વધુ કિંમતની ચાઈનીઝ તુક્કલનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ વખતે પણ બાળકોમાં ચાઈનીઝ તુક્કલને લઈને જોરદાર રોમાંચકતા જોવા મળી રહી હતી પરંતુ ગુજરાત હાઈકોર્ટે આજે પ્રતિબંધ મુકી દીધો છે.

# ઓઢવમાં મારામારીમાં એક યુવાનનું કરૂણ મોત

અમદાવાદ, તા.૬

શહેરના ઓઢવ વિસ્તારમાં નજીવી બાબતે મારામારીમાં ઘાયલ થયેલા એક યુવાનની સારવાર દરમિયાન મોત થયું છે. આ સંદર્ભમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બે લોકોની ધરપકડ પણ કરવામાં આવી હોવાનુંજાણવા મળ્યુંછે. નજીવી બાબતે મારામારીની ઘટનાથી સનસનાટી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ શહેરના ઓઢવમાં રહેતો યુવક તેના મિત્રો સાથે ચાઈનીઝની લારી પર નાસ્તો કરવા ગયો હતો. જ્યાં બેસવા બાબતે બે શખ્સો સાથે મારામારી થઈ હતી. આ ઘટના ઓઢવના આદિનાથનગર શોપિંગ પાસે બન્યો હતો. ગંભીર ઈજા ગ્રસ્ત યુવકને સારવાર અર્થે સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં સારવાર દરમ્યાન યુવકનું મોત થયુંહતું. આ અંગે મૃતકનાભાઈના ફરિયાદ આધારે ઓઢવ પોલીસે હત્યાનો ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી હતી.પોલીસ સુત્રો મુજબ શહેરના ઓઢવના ચામુડાનગર પાસે આવેલા ભાડાના મકાનમાં નાગજીભાઈ પ્રતાપભાઈ ઠાકોર રહેછે. ગઈકાલે રાત્રે ૮:૩૦ વાગ્યે નાગજીભાઈ તેના નાનાભાઈ વાયજી ઉર્ફે વિજય (ઉ.વ.૧૮) અનેતેના મિત્રો જીતેન્દ્ર ઠાકોર અને રાહુલ સાથે ચાઈનીઝની લારી ગયા હતા. ઓઢવના આદિનાથનગર શોપિગ પાસે આવેલી અર્જુન ચાઈનીઝની લારીમાં નાસ્તો કરવા ગયા હતા. જ્યાં આરોપીઓ ત્યાં નાસ્તો કરી રહ્યા હતા.

તે દરમિયાન આરોપી સન્ની યાદવ (ઉ.વ.૨૨) અને તેનો મિત્ર દેવરથ યાદવ (ઉ.વ.૨૫) સાથે બોલાવ્યા અને ઝઘડો અને મારામારી થઈ હતી.

## ઈન્દ્રનગર સોસાયટીમાં ચોરી કરતા બે ગઠિયા ઝડપાયા

હિંમતનગર, તા. ૬

હિંમતનગરની ઈન્દ્રનગર સોસાયટીમાં બુધવારે વહેલી પરોઢએ મકાનના પાછળના ભાગેથી ઘરમાં પ્રવેશ કરી રૂ. ૫૦૦ની ચોરી કરતા બે શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. ત્યારબાદ બંનેને એ-ડીવીઝન પોલીસ સ્ટેશનને હવાલે કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ઈન્દ્રનગર સોસાયટીમાં રહેતા સોમપુરી મગનપુરીના ઘરમાં બુધવારે વહેલી પરોઢે મકાનના પાછળના ભાગેથી વિક્રમ ખીમા જોગી અને ખાપુ સહેરૂ જોગીએ પ્રવેશી બાળકોના માટીનો ગલ્લો તોડી તેમાંથી રૂ. ૫૦૦ની પરચુરણ ચોરી કરી લીધી હતી. દરમિયાન આ અંગે ખબર પડતા સોમપુરી ગોસ્વામી અને સોસાયટીવાસીઓએ બંનેને ઝડપી લીધા હતા. અને મેથીપાક ચખાડ્યા બાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે સોમપુરી ગોસ્વામીની ફરિયાદને આધારે બંનેની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## મોયદમાં રીક્ષાચાલકો વચ્ચે ઝઘડો થતાં ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૬

પ્રાંતિજ તાલુકાના મોયદવાસ રૂપાજી ગામમાં મંગળવારે ગેસ પુરાવવા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી ત્રણ ઈસમોએ એક રીક્ષાચાલક પર હૂમલો કરતા ત્રણેય જણા વિરૂદ્ધ બુધવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મોયદવાસ રૂપાજીના રીક્ષા ચાલક ભીખાભાઈ સોનાભાઈ ચમારને મંગળવારે ગામના પરેશકુમાર ડાહ્યાભાઈ ચમાર, મહેશકુમાર ડાહ્યાભાઈ ચમાર અને રાજેશકુમાર ડાહ્યાભાઈ ચમાર વચ્ચે ગેસ પુરાવવા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખીને આ ત્રણેય જણાએ ઉશ્કેરાઈ જઈ ભીખાભાઈ ચમાર પર લોખંડના સળીયા વડે હૂમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી ભીખાભાઈએ ત્રણેય જણા વિરૂદ્ધ બુધવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્મામાં ગાયત્રી પરિવાર દ્વારા ત્રિવિધ મહોત્સવનો પ્રારંભ

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા ગાયત્રી પરિવાર દ્વારા શક્તિપીઠનો ૩૫મો પાટોત્સવ-પ્રજ્ઞાપુરાણ કથા તથા ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ એમ ત્રિવિધ કાર્યક્રમનો નિવાસસ્થાનેથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગાયત્રી શક્તિપીઠના ૩૫મા પાટોત્સવ પ્રસંગે યોજાયેલ આ ત્રિવિધ કાર્યક્રમમાં શક્તિપીઠની ધજા આરોહણ મથુરાની ગાયત્રી તપોભૂમિના ઈશ્વર ચરણ પાંડેજીના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. બુધવારે રશ્મિકાબેન પટેલ ડભોઈ વાળાની વ્યાસપીઠે પ્રજ્ઞાપુરાણ કથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અંબાજીના શ્રી ચુંદડીવાળા માતાજી ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. મંગળવારે પુસ્તક મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે પાલિકા પ્રમુખ સાગરભાઈ પટેલ, ઈશ્વર ચરણ પાંડેજી, ઘનશ્યામભાઈ પટેલ, સવજીભાઈ પટેલ સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૧૦ જાન્યુ.ના રોજ ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સમિતિના કન્વીનર દિપકભાઈ વોરા સહીત ગાયત્રી પરિવાર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.



બુધવારે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિરાટ પુસ્તક મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા ગાયત્રી પરિવાર ત્રિવિધ મહોત્સવ સમિતિ દ્વારા યોજાયેલ ધાર્મિક ઉત્સવ પ્રસંગે પટેલ બિન્દુભાઈ પોપટલાલના

## આયાતી ગેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. જેના કારણે બને તબક્કામાં મળી લઘુ ઉદ્યોગોને મહત્તમ ૫ પ્રતિ ઘનમીટરે ભાવ ઘટાડો મળશે. પાઈપલાઈન દ્વારા મળતા કુદરતી ગેસના ભાવ ઘટાડા અંગે વધુ માહિતી આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત ગેસ લિમિટેડ આયાતી એલએનજી ગેસ ખરીદીને તેના ઔદ્યોગિક ગ્રાહકોને ગેસ પુરો પાડે છે. કતાર દેશની રાસ ગેસ કંપની અને ભારતની પેટ્રોનેટ એલએનજી કંપની વચ્ચે થયેલા ગેસ કરાર દરમ્યાન રાજય સરકાર અને જી એસ પી સી કંપનીના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી ભાવ ઘટાડા સંદર્ભે મહત્વના પ્રયાસો કર્યા હતા.

નવા કરારના આધારે ભારતમાં આયાતી ગેસ પૂરો પાડતી વિવિધ કંપનીઓના ભાવમાં પણ ઘટાડો થયો છે અને તે મુજબ આ કંપનીઓ પાસેથી આયાતી એલએનજી ગેસ ખરીદતી ગુજરાત ગેસ લિ. સહિત કંપનીઓને આયાતી એલએનજી ગેસની પડતર કિમતોમાં પણ આર્થિક ઘટાડાનો લાભ મળશે. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, ગુજરાત ગેસ લિ.એલએનજી ગેસ ભાવ પટાડાનો લાભ તેના ૨૮૦૦થી વધુ લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો એકમોને તાત્કાલિક ધોરણે આપવાનું નક્કી કર્યું છે.

## લાગણીનો મેળો (૪ પાનાનું ચાલુ...)

જેમ મારામાં કડવાશ આવી હોત.આર્થિક સંકડામણ કે અભાવથી બીજાથી ઉતરતાં છીએ એવું કદી મારી મમ્મીએ લાગવા નથી દીધું. અનેક વિટંબણાઓ ને સમસ્યાઓ આવી હશે પણ મારી મમ્મી સદાય પ્રસન્ન જ હોય...

મારી મમ્મીના અચાર-વિચારથી હું એટલી તો ઘડાઈ કે સમાજના બાહ્ય દંભ-દેખાડા કે પ્રલોભનો મને સ્પર્શ્યા નથી.મમ્મી-પપ્પાએ પાયેલી સંજીવનીએ ગમે તેવા સંજોગોમાં સ્વસ્થતાથી જીવતા શીખવ્યું છે. પેલા કવિની પંક્તિઓ મારા ચિત્તમાં સતત પડઘ્યા કરે છે,

"અપી દઉં સો જન્મ એવડું માં તુ જ લ્હેણું
દોસ્તો, આવી જનેતાઓ માટે જ લખાયું હશે........
"એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે."
બધાને આવી મા મળે તો કેવું?!!

સ્પર્શમણિ :

તમારાં બાળકોને બચપણથી જ સશક્ત બનાવો; તેમને દુર્બળતા શીખવશો નહિ,અનુષ્ઠાનો શીખવશો નહિ, પરંતુ તેમને તાકાતવાન બનાવો. તેમને પોતાના પગ ઉપર ખડા રાહી શકે તેવાં હિંમતવાન, સર્વવિજયી, બધું સહન કરી શકે તેવા બનાવો; અને સૌથી પહેલું આત્માના મહિમા વિષે શીખવા દો. એ વસ્તુ તમને એકલા વેદાંતમાં જ સાંપડશે.બીજે ક્યાંય નહિ સાંપડે.

- સ્વામી વિવેકાનંદ

- Rasikvaland1965@gmail.com

## માતા-પિતા સાથે મિલન... ● ત્રીજા પાનાનું ચાલુ

મહિલા હેલ્પલાઈન સાથે કોર્ડીનેશન સાધીને બાળકીને અમદાવાદ, ઓઢવ ખાતેના બાળકી ગૃહમાં સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવી હતી. પછી ગાંધીનગર ચાઈલ્ડ લાઈન દ્વારા બાળકી સાથે વધારે પુછપરછ કરતા બાળકીનું મૂળ વતન ગોરખપુર ઉત્તરપ્રદેશ છે તેમ માલુમ પડ્યું હતું. ત્યારબાદ ગાંધીનગર બાળ સુરક્ષા એકમ દ્વારા ચાઈલ્ડ ટ્રેકિંગ સોફ્ટવેર દ્વારા અને ગોરખપુર ચાઈલ્ડલાઈન ૧૦૯૮ ના સહયોગથી બાળકીના માતા-પિતાને શોધવામાં આવ્યા હતા. તેઓનો સંપર્ક સાંધીને તેઓને ગુજરાત અમદાવાદ ઓઢવ ખાતે બોલાવવામાં આવ્યા અને આસરે ૨૦ દિવસની ખુબજ જહેમત બાદ બાળકીને તેના માતા-પિતાને મળાવવામાં આવી હતી.

## ફિલ્મીઢબે... ● પાંચમા પાનાનું ચાલુ

પશુઓ ચોરવાની ઘટના બનતા અને આ ઘટનાની જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડતાં જિલ્લા પોલીસતંત્ર સફાળા જાગી ઉઠ્યુ હોય તેમ બુધવારે જીપડાલામાં ગેરકાયદેસર પશુઓ લઈ જતા ફીલ્મીઢબે પીછો કરી ઝડપી પાડ્યા હતા. મોડાસા રૂરલ પોલીસને મળેલી બાતમીના આધારે લીંભોઈ પાટીયા નજીક નાકાબંધી કરી હિંમતનગર તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતું. ત્યારે બાતમીના વર્ણન આધારે આવી રહેલા સફેદ જીપડાલા (ગાડી નં. જીજે૭૦૦૪૫૬૯)ને અટકાવવાનો પ્રયાશ કરાતા જીપડાલાના ચાલકે પીકઅપ ડાલાને કિશોરપુરા ગામ તરફ પુરપાટે દોડાવી મુક્યું હતું. જેનો પોલીસ જવાનો દ્વારા પોલીસ જીપગાડીથી પીછો કરતા રાજ્ય માર્ગ પર ફીલ્મી દૃશ્યો સર્જાયા હતા. મોડાસા રૂરલ પોલીસ દ્વારા પકડાયી જવાની બીકે જીપડાલાનો ચાલક અને અન્ય એક ઈસમ પીકઅપડાલુ બાયલ-ઢાંકરોલ ગામનીસીમમાં રોડ પર મુકી ફરાર થઈ જવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે ગામલોકોની મદદથી એક ઈસમ મુનાફ ગફુર મુલતાની (રહે. રાણાસૈયદ, મોડાસા-અરવલ્લી) ઝડપી પાડી પીકઅપ ડાલાની તલાશી લેતા અંદર બળદ-વાછરડા કુલ નંગ-૪ મળી રૂ. ૨૦૦૦૦ તથા જીપડાલાની કિંમત રૂ. ૩૦૦૦૦ મળી કુલ રૂ. ૫૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપી અનીશ ઈમામ મુલતાની (રાણાસૈયદ)ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ૪ બળદ-વાછરડા ભરી આપનાર મુબારક ગફુર મુલતાની (રાણાસૈયદ) સામે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી ઝડપાયેલા આરોપી અને બે કસાઈઓ વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસે ગુજરાત પશુરંક્ષણ અધિનિયમ ૨૦૧૧ની કલમ ૫૬, (ક), (૧,૨,૩),૮ તથા પશુ ક્રૂરતા અધિનિયમ-૧૧ ઈ.એલ. તથા એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૯૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## ચિત્રલિપિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમના મતે ચિત્રલિપિથી સરળતાથી સંગીત શીખી શકાય છે. તેઓ ૧૨૦ જેટલા રાગોની જાણકારી ધરાવે છે. તેમણે ૧૮ દેશોના વિવિધ ગીતોને આ ચિત્રલિપિ દ્વારા લખ્યા છે. તેમની ચિત્રલિપિ અંગે ધ જર્નલ ઓફ ધ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેક્ટમાં પણ લેખ પ્રસિધ્ધ થયો હતો. સંગીતની દુનિયામાં મહત્વની શોધ કરનારા શ્રી હરિ વડનેરકરની આ કલા અંગે ગાંધીનગરમાં પ્રથમ આર્ટ ગેલેરીનો પ્રારંભ થાય તેવી પ્રબળ ઈચ્છા તેમણે વ્યકત કરી છે.

## દર્દીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યક્તીઓને તો સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. જ્યારે ૩૨૯૦ વ્યક્તીઓને સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા છે.

આ સર્વેલન્સના તારણમાં જિલ્લામાં રક્તપિત્તના ૪૧ જેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા છે. તો શંકાસ્પદ ડાયાબીટીસના ૨૦૫૧ કેસ મળી આવ્યા છે. ઓરલ કેન્સરના ૨૯ દર્દીઓ મળી આવ્યા છે.

જિલ્લામાં હાલ ટી.બી.ના દર્દીઓની સંખ્યા ૧૮૫૦ જેટલી છે. જેમાં વીતેલા વર્ષ દરમ્યાન ૮૧૬ નવા દર્દીઓ નોંધાયા હતા. આ સર્વેલન્સમાં ૨૬૩ દર્દી ટી.બી.થી પીડાતા હોવાનું જણાયું છે.

જિલ્લામાં આંખના નંબર ધરાવતી વ્યક્તીઓ ૪૬૧૯ મળી આવી છે. જ્યારે ૭૮૭ વ્યક્તીઓનએ મોતિયો જણાયો છે. ૩૪ વ્યક્તીઓને આંખના પડદાના રોગ હોવાનું જણાયુ છે. તો ૫૯ વ્યક્તીઓને આંખમાં ઝામર હોવાનું તથ્ય બહાર આવ્યુ છે. કીકીના રોગથી પીડાતા ૮૬ વ્યક્તીઓ મળી આવ્યા છે. જ્યારે ૨૨૯ વ્યક્તીઓની આંખ ત્રાંસી હોવાનું જણાયું છે.

જિલ્લામાં ઓરલ કેન્સરના ૨૯ દર્દીઓ મળી આવ્યા છે. તો ૧૦૦૫ વ્યક્તીઓ વિકલાંગ હોવાનું નોંધાયું છે.

આ જિલ્લામાં ૫૯ વ્યક્તીઓ ડિપ્રેશનથી પિડાતા જણાઈ આવ્યા છે. તો ૯૬ વ્યક્તીઓ વાઈના રોગથી પિડીત હોવાનું જણાઈ આવ્યું છે.

રાજ્ય સરકાર આગામી દિવસોમાં આ સર્વેલન્સના તારણોને આધારે સ્વસ્થ સમાજની રચના માટે ખાસ આરોગ્ય નીતિ તૈયાર કરનાર છે. આ સર્વેલન્સમાં મળી આવેલ શંકાસ્પદ દર્દીઓને રિફર કરવામાં આવ્યા છે. જો કે ટી.બી., ડાયાબીટીસ તેમજ કેન્સરના કેસમાં સંદર્ભ સેવાની ચકાસણી દરમ્યાન જ આખરી ચિત્ર સ્પષ્ટ થશે પરંતુ જે રીતે ગ્રામ્ય વિસ્તારમાં ડાયાબીટીસના દર્દીઓ મળી રહ્યા છે ઉપરાંત આંખના પ્રશ્નોને લઈ જે સ્થિતિ બહાર આવી રહી છે તે તંત્રને હચમચાવી રહેલ છે.

## આઈએસઆઈના ઈશારે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મસૂદ અઝહરના ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદનો હાથ છે. ત્રાસવાદીઓ દ્વારા ગુરદાસપુરના એસપી સલવિન્દરસિંહની સાથે અપહરણ કરવામાં આવેલા વેપારી રાજેશ વર્માએ પણ પુછપરછ દરમિયાન કહ્યું હતુ કે, આતંકવાદીઓ અફઝલ ગુરુની હત્યાનો બદલો લેવાની વાત કરી રહ્યા હતા. મજારે શરીફથી થયેલા ખુલાસાના આધાર પર માનવામાં આવે છે કે, પઠાણકોટ હુમલાને ૨૪ કલાકની અંદર જ અફઘાનિસ્તાનના ભારતીય દૂતાવાસ પર હુમલો કરાયો હતો અને આ હુમલો પણ જૈશ દ્વારા જ કરાવવામાં આવ્યા હતા. આઈએસઆઈ સાથે જૈશે મોહમ્મદના ખુબ જુના સંબંધો રહેલા છે. બીજી બાજુ અમેરિકાના ટોચના એક અધિકારીએ પણ પઠાણકોટ હુમલા પાછળ આઈએસઆઈની સંડોવણી હોવાની વાત સ્વીકારી છે. વ્હાઈટ હાઉસના પૂર્વ અધિકારીનું કહેવું છે કે, ઈન્ટેલીજન્સનો આમા હાથ છે. બ્રુસ રિડેલ નામના આ અધિકારીએ કહ્યું છે કે, આ હુમલો ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીતને રોકવાના ઈરાદાથી કરાયો છે. તેમનું કહેવું છે કે, પઠાણકોટમાં હુમલો અને અફઘાનનમાં મજારે શરીફ ઉપર હુમલો જૈશ અને આઈએસઆઈ દ્વારા કરાવવામાં આવ્યા હતા.

**જોઈએ છે**

(૧) **કોમ્પ્યુટર ઓપરેટર-૧** : લાયકાત - ગ્રેજ્યુએટ અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપ તેમજ ઈન્ટરનેટના જાણકાર ભાઈઓ / બહેનો

(૨) **પટાવાળા** : ધોરણ ૮ પાસ

(૩) **રસોયા** : ધોરણ ૭ પાસ

ઉપરોક્ત જગ્યા માટેની લાયકાત ધરાવનાર ઉમેદવારોએ નીચે જણાવેલ કચેરીમાં અરજી સાથે રૂબરૂ મળવું.

સમય : ૧૧ થી ૪ સુધી

ચેરમેન

**શ્રી ગ્રામ વિકાસ પરિષદ**

બ્લોક નં. ૬૦/૩, જુના એમ.એલ.એ. ક્વાર્ટર, સેક્ટર-૧૭, ગાંધીનગર